જા.નં/મા-૧/પરિપત્ર/૨૦૨૪/૧૫૭૧૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, જિ-સુરત.
તા.૧૯/૧૧/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિ-સુરત.

૨/- આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરનાં તા-૧૯/૧૧/૨૦૨૪નાં પત્ર ક્રમાંક:-મઉમશબ/નિરીક્ષણ/૨૦૨૪-૨૫/૦૪૭નાં પત્રની જાણ કરવા તથા અમલવારી કરવા સારૂ.

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

ક્રમાંક:મઉમશબ/નિરીક્ષણ/2024-25/૦૫૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા.: 19/11/2024

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :- શૈક્ષિણક વર્ષ 2024-25 માટે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, શૈક્ષિણક વર્ષ 2024-25 માટે રાજ્યની નોંધાયેલી તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ <u>તા.19/11/2024 થી 15/12/2024</u> સુધીમાં ઓનલાઈન ભરાવવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરી કરવા માટેની એપ્લિકેશન <u>GSHSEB IR</u> UPDATE થઇ ગયેલ છે. જેના અનુસંધાને ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરી અંગેની જાણ તથા કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

શૈક્ષિણક વર્ષ 2024-25 માટે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કરવા માટેની એપ્લીકેશન <u>GSHSEB IR</u> PLAY STORE પર મુકવામાં આવેલ છે.

( અર્ચના ચૌધરી )
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :

- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ Online ભરવા માટેની સુચનાઓ :**
**આ સુચનાઓનો સંપુર્ણ અભ્યાસ કરીને જ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ Online ભરવાની કામગીરી કરવી.**

- વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ગુજરાત રાજ્યની નોંધાયેલી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ફરજીયાત **Online** ભરવાનો રહેશે.
- શાળાઓએ પોતાની શાળા કક્ષાએથી જ **Online** વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે.
- વાર્ષિક નિરીક્ષણ અહેવાલમાં વિગત અંગ્રેજી ભાષામાં ભરવાની રહેશે.
- શાળાનાં આચાર્યશ્રીને ખાસ જણાવવાનું કે, વાર્ષિક નિરીક્ષણ અહેવાલ અંતર્ગત ભરવામાં આવેલ માહિતીની ખરાઇ શાળાનાં રજીસ્ટર, રેકોર્ડનાં આધારે કરી ત્યારબાદ જ **Final Submit** આપવાનું રહેશે.
- વાર્ષિક નિરીક્ષણ અહેવાલની **Soft Copy/Hard Copy** શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે.
- **Online** વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી શરૂ કરતાં પહેલા નીચે મુજબનાં જરૂરી આધારો Scan કરી **PDF** સ્વરૂપે તેમના ટૂંકા નામથી **Save** કરી એક ફોલ્ડરમાં તૈયાર રાખવા.

**વાર્ષિક નિરીક્ષણ અહેવાલ Online ભરતા પહેલાની પૂર્વતૈયારી માટેની સુચનાઓ :**

1. શાળાએ પ્રાયોગિક કાર્ય માટે ધોરણવાર કરેલ આયોજન પત્રક. (Scan કરી PDF FORMATમાં 2 MBથી વધે નહી તે રીતે Save કરી રાખવું.)
2. શાળામાં કલા શિક્ષક હોય તો તે અંગેના પુરાવા. (Scan કરી PDF FORMATમાં 2 MBથી વધે નહી તે રીતે Save કરી રાખવું.)
3. શાળામાં હસ્તકલાને લગતા સાધન/ચાર્ટ/ચિત્ર બનાવ્યા હોય તો યાદી. (Scan કરી PDF FORMATમાં 2 MBથી વધે નહી તે રીતે Save કરી રાખવું.)
4. ઉ.બુ.શાળા માટે શાળાએ ઉત્પાદનની ઉપજ સહિતની આવક અને ખર્ચનો અલગ હિસાબ રાખેલ હોય તો તેનો પુરાવો. (Scan કરી PDF FORMATમાં 2 MBથી વધે નહી તે રીતે Save કરી રાખવું.)

**શાળા રજીસ્ટ્રેશન તેમજ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ૨૦૨૩-૨૪ અંતર્ગત ભરવામાં આવેલ નીચે મુજબની વિગતો આપોઆપ દર્શાવેલ દેખાશે. :**
**( શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે જરૂરી વિગતો અદ્યતન કરવાની રહેશે. )**

- સંચાલક મંડળનો નોંધણી નંબર, કઇ કચેરી દ્વારા નોંધણી થઇ છે તેનું નામ, સરનામું.
- શાળાનાં સંચાલનમાં વહીવટી ફેરફાર થયેલ હોય તો તેનો હુકમ નંબર તથા તારીખ.

- શાળાનાં નામમાં ફેરફાર થયેલ હોય તો તેનો હુકમ નંબર, તારીખ તથા સત્તાધિકારીશ્રીની વિગત.
- શાળાના માન્ય વર્ગો અને વિદ્યાર્થીઓની વિગત.
- શાળા મકાનનાં નકશાને આધારે દરેક ખંડ તથા મેદાનનું માપ ચો.ફૂટમાં.
- શૈક્ષણિક સાધનોની માહિતી.
- શાળાના ફર્નિચરની માહિતી.
- શાળાનો સમય, પ્રાર્થનાસભા તથા વિશ્રાંતિ સમયની વિગત.
- આરોગ્ય વિષયક સગવડોની વિગત.
- ગ્રંથાલયને લગતી માહિતી.
- પ્રયોગશાળાને લગતી માહિતી.
- કલાશિક્ષણને લગતી માહિતી.
- "કોમ્પ્યુટર અધ્યયન" અંગેની વિગત.
- ગતવર્ષ દરમ્યાન શિક્ષકોની તાલીમ અને સિદ્ધિ અંગેની વિગત.
- વોકેશનલ વિષયો અંગેની વિગત.
- વર્ગ શિક્ષણ કાર્ય અંગેની વિગત.
- ગતવર્ષ દરમ્યાન શાળાએ રમતગમત ક્ષેત્રે મેળવેલ સિદ્ધિની વિગત.
- બોર્ડ દ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષાઓ અને આનુષાંગિક કાર્યક્રમોમાં શાળાએ આપેલ સહકારની વિગતો.
- નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમની વિગત.
- ગતવર્ષનું પરિણામ
  (ઉદા. વાર્ષિક નિરીક્ષણ અહેવાલ શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ માટે ભરતા હોય ત્યારે શાળાનું ગતવર્ષનું પરિણામ એટલે કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪નું પરિણામ)
- ગતવર્ષમાં જાહેર પરીક્ષા સિવાય (SSC & HSC સિવાય) અન્ય કોઇ પરીક્ષામાં વિદ્યાર્થીએ ભાગ લીધો હોય તો તેની વિગતો (પ્રખરતા શોધ કસોટી, શિષ્યવૃતિ પરીક્ષા, હિન્દી, ચિત્રકામ, સંસ્કૃત વગેરે)
- વિદ્યાર્થી પ્રતિનિધિ સભાને લગતી વિગત.
- વાલીમંડળને લગતી વિગત.
- સહઅભ્યાસ પ્રવૃતિઓની વિગત.
- શાળા સંબંધિત અન્ય જરૂરી માહિતીની વિગત.
- ઉત્તર બુનિયાદી શાળા માટે ભૌતિક માહિતી તેમજ છાત્રાલય સંબંધિત વિગત.
- શાળાનાં દફતર અને હિસાબની વિગત.
- અમલવારી અંતર્ગત નિરીક્ષણ કામગીરી સમયે નિરીક્ષણ ટુકડી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનો.
- વાર્ષિક નિરીક્ષણ કરવા માટે આવનાર અધિકારીશ્રીઓને તમામ રજીસ્ટર, રેકોર્ડ ખરાઇ અર્થે રજૂ કરવાનાં રહેશે.

## વાર્ષિક નિરીક્ષણ અહેવાલ Online ભરવાની પ્રક્રિયા

- સૌપ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અધિકૃત વેબસાઇટ www.gseb.org ઓપન કરવાની રહેશે.
- ત્યારબાદ "વાર્ષિક નિરિક્ષણ અહેવાલ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫"નાં Icon પર ક્લિક કરવું.
- "વાર્ષિક નિરીક્ષણ અહેવાલ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫" નાં Icon પર ક્લિક કરતાં વાર્ષિક નિરીક્ષણ અહેવાલ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫ની વેબસાઈટ ખુલશે.

  અથવા

- ir.gseb.org વેબસાઈટ Open કરવી.
- વેબસાઈટ પર લોગીન કરવા માટે દર્શાવવામાં આવેલ સ્થાન પર શાળાએ માધ્યમિક વિભાગનાં **Index** નંબર **(SSC Index** નંબર જે **50.0001** થી **86.9999** સુધીનો હોય છે) તેનો ઉપયોગ કરી તથા શાળા રજીસ્ટ્રેશનનાં પાસવર્ડનો ઉપયોગ કરી **Login** કરવાનું રહેશે.
- જે શાળામાં માત્ર ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે, માત્ર તેવી શાળાઓએ **(H.S.C. Index** નંબર **01.0001** થી **36.9999** સુધીનો હોય છે) તેનો ઉપયોગ કરી Login કરવાનું રહેશે. અન્ય તમામ શાળાઓએ ફરજીયાત SSC Index નંબરથી Login કરવાનું રહેશે.
- Login થયા બાદ Home Page (Index નંબરની માહિતીનાં પેજ) પર શાળામાં ચાલતા અન્ય (માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં) Index નંબર Add થયેલ જોવા મળશે. (નવા Index નંબર Add તેમજ જુના Index નંબર Remove કરી શકાશે.) Save & Next બટન પર ક્લિક કરતાં આગળનું Page Open થશે.

<u>નોંધ:-</u> Add કરેલ અન્ય Index નંબર માટે ફરી અલગથી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ **(Annual Inspection Report)** ભરવાનો રહેશે નહી.

- શાળા જે Index નંબરથી Login થયેલ છે, તે સાથે તે મુખ્ય શાળાની રજીસ્ટ્રેશન સમયે દર્શાવેલ અમુક વિગત આપમેળે જ ભરાયેલ જોવા મળશે. જેમાં કોઇ જ ફેરફાર શાળા કક્ષાએથી થઇ શકશે નહી. માત્ર આપના દ્વારા ખરાઇ કરવાની રહેશે. કોઇ પણ વિસંગતતા જણાય તો લેટરપેડ પર વાર્ષિક નિરીક્ષણ અહેવાલના અંતે (છેલ્લા વિભાગમાં) દર્શાવી સુધારો આચાર્યશ્રીના સહી/સિક્કા સાથે Scan કરી PDF સ્વરૂપે છેલ્લે જોડવાના રહેશે.
- આપમેળે ભરાયેલ માહિતી ચકાસી ક્રમશઃ અન્ય વિગત ભરવાની રહેશે.
- Save & Next બટન પર ક્લિક કરતાં આગળનું Page Open થશે.
- લાગુ પડતી તમામ વિગત ભરવી ફરજીયાત છે.
- વાર્ષિક નિરીક્ષણ અહેવાલમાં તમામ વિગત ભરવામાં આવેલ હશે તો જ Final Submit થઇ શકશે.
- Final Submit આપ્યા બાદ શાળા કક્ષાએથી કોઈ જ ફેરફાર કરી શકાશે નહી.
- શાળાએ વાર્ષિક નિરીક્ષણ અહેવાલની Print સાચવી રાખવાની રહેશે.